## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ



**મેમ, તમે અમને વહેલા સુવાની સલાહ આપો છો પરંતુ તમને તો હું મોડે સુધી ઓન લાઈન જોઉ છું...!!**

# સે-૧૧માં બાંધકામ સાઈટ પર માટી ધસી પડતાં બે દટાયા : એકનું મૃત્યુ

## ડબલ બેઝમેન્ટના ચાલતા ખોદકામ વખતે ચા આપવા ગયેલો ૧૮ વર્ષિય યુવાન દટાઇ જતાં મોતને ભેટ્યો

ગાંધીનગર, તા.૨૪

શહેરના સેકટર-૧૧ ખાતે આવેલા સુમન ટાવર કોમ્પલેક્ષની પાછળના ભાગમાં નવા કોમર્શિયલ કોમ્પલેક્ષનું બાંધકામ થઈ રહ્યું છે. ડબલ બેઝમેન્ટના ચાલતા ખોદકામ વખતે ગઈકાલે રાત્રે એક ૧૮ વર્ષીય યુવાન ચા આપવા ગયો તે અરસામાં અચાનક ભેખડ ધસી પડતા એક શ્રમિક સહિત બે યુવાનો ભેખડ નીચે દટાઈ ગયા હતા. ફાયર બ્રિગેડને કોલ મળતા તાત્કાલિક તેમનો કાફલો સ્થળ પર પહોંચી ગયો હતો ને એકને બચાવી લીધો હતો. જ્યારે એક યુવાન દટાઈ જતાં મોતને ભેટ્યો હતો. સેકટર-૭ પોલીસે આ મામલે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી ઘટનાની વધુ તપાસ શરૂ કરી છે.

મળતી વિગત મુજબ શહેરના સેકટર-૧૧ ખાતે સુમન ટાવર કોમ્પલેકસની પાછળના





ભાગમાં જે.કે ઈન્ફ્રાસ્ટ્રક્ચરની નવી કોમર્શિયલ કોમ્પલેકસની બાંધકામ ચાલી રહી છે. ગઈકાલે રાત્રિના અરસામાં આ સાઈટ ઉપર ડબલ બેઝમેન્ટના ખોદકામનું કામ ચાલી રહ્યું હતું અને મજૂરો કામ કરી રહ્યા હતા તે અરસામાં અચાનક ભેખડ ધસી પડતા મોટી દુઘટના સર્જાઇ હતી. રાત્રે ગાંધીનગર ફાયર બ્રિગેડને આ મામલે જાણ થતા ફાયર ઓફિસર મહેશ મોડનો કાફલો બનાવ સ્થળે દોડી ગયો હતો અને બચાવ કામગીરી શરૂ કરી દીધી હતી. સાઈટ ઉપર ભેખડ ધસી પડવાથી બે યુવાનો દટાઈ ગયા હતા. જેમાં ૧૮ વર્ષીય જીગ્નેશ ભરતભાઈ મછાર અને ૨૦ વર્ષીય સચિન કલાભાઈ ડામોર હતા. ફાયર બ્રિગેડની ટીમે સચિન ડામોરને જીવતો બચાવી લીધો હતો જ્યારે જીગ્નેશ મછાર ગંભીર રીતે ફસાઈ ગયો હોવાથી બચી શક્યો ન હતો. તેને તાત્કાલિક બહાર નીકળીને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર અર્થે લઈ જવાયો હતો પરંતુ ત્યાં સુધીમાં તેનું પ્રાણપંખેરું ઉડી ગયું હતું. ઘટના અંગે સેકટર-૭ પોલીસને જાણ થતા પોલીસ સ્થળ પર પહોંચી ગઈ હતી અને મૃતદેહ પીએમ કરાવી અકસ્માત મોતનો ગુનો દાખલ કરી ઘટનાની ઉંડી તપાસ શરૂ કરી છે. પ્રાથમિક તબક્કે જાણવા મળ્યું છે કે મૃતક યુવાન જીગ્નેશ મછાર બાંધકામ સાઈટ ઉપર ડબલ બેઝમેન્ટ નું કામ ચાલતુ હતું ત્યારે તે મજૂરોને ચા આપવા માટે ગયો હતો અને તે સમયે આ ઘટના સર્જાઈ હતી. જેમાં દટાઈ જવાથી તેનું મૃત્યુ થયું હતું.

# લોદરા પંચાયત હવે કચરામાંથી કંચન બનાવશે

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાની લોદરા પંચાયત દ્વારા હવે કચરામાંથી કંચન પેદા કરશે. સ્વચ્છ ભારત મિશન(ગ્રા) યોજના અંતર્ગત આ ગામે સોલિડ વેસ્ટ મેનેજમેન્ટનો પાયલોટ પ્રોજેક્ટ અમલમાં મુકવામાં આવ્યો છે.



આ પ્રોજેક્ટ અંતર્ગત ગામમાં ઘરેઘરેથી ભીનો અને સુકો કચરો ભેગો કરી લેન્ડફિલ્ડ સાઈટ પર લાવવામાં આવશે. જ્યાં સુકા કચરાનું સેગ્રીગેશન કરી અને તેનો નિકાલ કરવામાં આવશે. જ્યારે ભીના કચરામાંથી વર્મીકમ્પોઝ્ડ ખાતર બનાવવામાં આવશે તે ખેડૂતોને વેચાણથી આપવામાં આવશે. આમાંથી પ્રાપ્ત થનારી આવક ગામના વિકાસ કાર્યોમાં વપરાશે.

● અનુસંધાન પાના નં. ૫ પર

# જાયન્ટ્સ ગ્રુપ ઓફ ગાંધીનગર દ્વારા રકતદાન અને આઈ ચેક-અપ કેમ્પ યોજાયો

જાયન્ટ્સ વેલ્ફેર ફાઉન્ડેશન મુંબઈના આદ્યસ્થાપક લોકલાડીલા તથા ભારત સરકાર તરફથી પદ્મશ્રી વિજેતા નાના ચુડાસમાજીના જન્મદિનની ભવ્ય ઉજવણીના ભાગરુપે જાયન્ટ્સ ગ્રુપ ઓફ ગાંધીનગર મેઈન સાહેલી ગ્રુપ, જીઆઈડીસી એન્જી. એસોસિએશન તથા ગાંધીનગર અર્બન બેંકના સંયુકત ઉપક્રમે જીઆઈડીસી એન્જી એસોસિએશનના હોલ સેકટર-૨૮ ખાતે બ્લડ ડોનેશન, આઈ ચેકઅપ અને ચશ્મા વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. આ ત્રિવેણી કાર્યક્રમમાં નાગરીકો ઉત્સાહભેર જોડાયા હતા. અમદાવાદની કેન્સર




હોસ્પિટલના દર્દીઓના લાભાર્થે જાયન્ટ્સ ગ્રુપ ઓફ ગાંધીનગર દ્વારા રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અમદાવાદ કેન્સર હોસ્પિટલના ડોકટર અને તેમની ટીમ દ્વારા ૪૨ યુનિટ બ્લડ એકત્ર કરવામાં આવ્યું હતું. જયારે આંખના નિદાન કેમ્પમાં જી.આઈ.ડી.સી. આસપાસના જરુરીયાત મંદ ૧૫૦ થી વધુ ગરીબ દર્દીઓની આંખની તપાસ ડો.કૃણાલ પટેલ દ્વારા વિનામુલ્યે તપાસ કરવામાં આવી હતી. જયારે ૫૦ થી વધુ વ્યકિતને નંબરના ચશ્માનું વિતરણ કરવામાં આવ્યું હતું. રકતદાન-આઈ ચેકઅપ કેમ્પને સફળ બનાવવા જાયન્સટ્સ ગ્રુપ ઓફ મેઈનના પ્રમુખ વસંતભાઈ પટેલ, યુનીટ ડાયરેકટર બી. એમ. પટેલ, પૂર્વ પ્રમુખ સાકાભાઈ પટેલ, ગાંધીનગર અર્બન બેંકના એમડી પ્રહલાદભાઈ પટેલ રકતદાતાઓને ભેટ આપી પ્રોત્સાહીત કર્યા હતા.



શહેરના સેક્ટર-૭ ખાતેની જે.એમ. ચૌધરી સાર્વજનિક પ્રાથમિક વિદ્યાલયમાં ધોરણ-૧ના બાળકોનો પ્રવેશોત્સવ ઉજવાયો હતો. આ પ્રવેશોત્સવમાં શાળાના ધોરણ-૧ના વર્ગને સુંદર રીતે શણગારવામાં આવ્યો હતો. તથા શાળાના આચાર્યા મીનાબેન ચૌધરીએ બાળકોને કુમકુમ તિલક કરી ચોકલેટ્સ દ્વારા મ્હો મીઠું કરી આવકાર્યા હતા. આ પ્રસંગે શાળાના આચાર્યાએ બાળકોને હસતાં-હસતાં શાળાકીય જીવન પસાર કરવાના આશિર્વાદ આપ્યાં હતા.








## શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે શિક્ષકોની રામધુન યોજાઈ

ગાંધીનગર શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે આજે રાજયભરમાંથી શિક્ષકો એકઠા થયા હતા. શિક્ષકોની વર્ષોથી પડતર માંગણીઓ નહીં સંતોષાતા સરકાર સામે રામધુન કરીને રોષ પ્રગટ કર્યો હતો. જયારે આગામી ટુંક સમયમાં પ્રશ્નોનું નિરાકરણ નહીં આવે તો શિક્ષકો દ્વારા ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

# ગુજરાતી ફિલ્મોની 'રોમાંચક સફર' : સુવર્ણકાળથી અસ્તાચળ : ફરી પાછો સુવર્ણ-યુગ શરૂ થયો

ગુજરાતી ફિલ્મોનો સુવર્ણયુગ ૧૯૭૦ થી ૧૯૯૦ સુધી હતો પછી ગુજરાતી ફિલ્મો બજારમાંથી ફેંકાઇ ગઇ હતી. ૧૯૯૦ થી ૨૦૧૦ સુધીના ૨૦ વર્ષના વિરામ પછી ફરી એકવાર ગુજરાતી ફિલ્મો છવાઈ રહી છે. આ વખતે ટિપીકલ ગુજરાતી નહીં પરંતુ બોલિવુડ અને હોલિવુડની છાપ ધરાવતી ફિલ્મો થિયેટરોમાં ધમાલ મચાવે છે. તળપદાં નામ અને નવા કલાકારો નવી સ્ટાઈલની ફિલ્મોમાં છવાઈ રહ્યાં છે. ગુજરાતી ભાષાની પ્રથમ ફિલ્મ ૧૯૩૨માં મુંબઇના થિયેટરોમાં રજૂ થઇ હતી. નરસિંહ મહેતા નામની આ ફિલ્મે ધૂમ મચાવી હતી પરંતુ ૧૯૩૨ થી ૧૯૪૬ સુધી માત્ર છ જ ગુજરાતી ફિલ્મો આપણા નિર્માતાઓ આપી શક્યા છે. આઝાદી પછી ૧૯૫૦ સુધીમાં ૭૦ ગુજરાતી ફિલ્મો બની હતી પરંતુ ૧૯૭૦ થી ૧૯૯૦માં ૪૦૦ ગુજરાતી ફિલ્મોએ રેકોર્ડ સર્જ્યો હતો. આ એક ચમત્કાર હતો. ઉપેન્દ્ર ત્રિવેદી, અરવિંદ ત્રિવેદી, રમેશ મહેતા, સ્નેહલત્તા, અરૂણા ઈરાની, ફિરોઝ ઈરાની, અરવિંદ કિરાડ જેવા સિદ્ધહસ્ત કલાકારોએ ગુજરાતી ફિલ્મોમાં પ્રાણ પૂર્યા હતા. હવે ૨૦ વર્ષના વિરામ પછી યુવા ગુજરાતી કલાકારોએ ગુજરાતને ફરીથી ઉંચા ફલક પર મૂકી દીધું છે, આ ફિલ્મો ટ્રેડિશનલ નથી પરંતુ લોકોને ગમે તેવી આધુનિક થીમ પર આધારિત છે. ગુજરાતી નિર્માતાઓની યાદી જોતાં સર્વેક્ષણ એવું કહે છે કે મહિનામાં બે ગુજરાતી ફિલ્મો તૈયાર થાય છે. ગુજરાતી ફિલ્મોને જોનારો વર્ગ વધી રહ્યો હોવાથી આ પરિણામ આપણને મળ્યું છે તેમ છતાં મલ્ટીપ્લેક્સ ગુજરાતી ફિલ્મો માટે પ્રાઈમ ટાઈમના શો આપતા નથી તે હકીકત છે. તેમને હિન્દી ફિલ્મોની કમાણી વધારે પસંદ છે.

**ટ્રાફિક સેન્સ સિટીના પણ એવોર્ડ જરૂરી...**

ગુજરાતમાં સૌથી મોટી સમસ્યા પાર્કિંગ અને ટ્રાફિક સેન્સની છે. રાજ્યના શહેરો વાહનોથી એટલા બધા ભરચક બન્યા છે કે લોકોને ચાલવાની જગ્યા પણ મળતી નથી. રાજ્યના શહેરોમાં વાહન ચલાવવાની સેન્સ કેળવાઈ નથી. જ્યાં સુધી દંડ નહીં થાય ત્યાં સુધી ટ્રાફિક નિયમન થવાનું નથી. અમદાવાદના કોઈપણ વિસ્તારમાં ગાડી પાર્ક થતી નથી. પાર્કિંગ ન હોય ત્યાં રોડ સાઈડે ગાડી પાર્ક કરવામાં આવે છે. રાજકોટ શહેરમાં એવો નિયમ લાવવામાં આવ્યો છે કે રોડ સાઈડે પાર્કના ચાર્જ ચૂકવવા પડશે, પરંતુ તેનો કોઈ ઉકેલ નથી. મુંબઈના વાહનોની સરખામણીએ અમદાવાદમાં ઓછા વાહનો હશે તેમ છતાં મુંબઈની લેન સિસ્ટમ આજે વખણાય છે. ચંદીગઢની ટ્રાફિક વ્યવસ્થા દેશમાં નંબર વન છે. ખોટું ડીપર કરો તો પણ દંડ ભરવો પડે છે. દેશના સ્માર્ટ સિટી અને ક્લિન સિટીના એવોર્ડ આપવામાં આવે છે પરંતુ એક એવોર્ડ બેસ્ટ ટ્રાફિક સેન્સ સિટીનો પણ આપવામાં આવે તો ગુજરાત ધન્ય બની જાય.

**રાજ્યના ખેડૂતોને વૈશ્વિક બજાર મળવું જોઇએ...**

ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણી લોકસભાની ચૂંટણી તૈયારીમાં લાગી ચૂક્યાં છે. હાઈકમાન્ડના આદેશ પછી તેઓ એક પછી એક લોકભોગ્ય જાહેરાતો કરી રહ્યાં છે. રાજ્યના ખેડૂતોના હિતમાં તેમણે સૂર્યશક્તિ કિસાન યોજના અમલમાં મૂકી છે. ખેડૂતોને સોલાર વીજળી પેદા કરવા માટેના ઈન્સેન્ટીવ આપ્યા છે. સારી બાબત છે. ખેડૂતો તેમની જરૂરી વીજળી વાપરી વધારાની વીજળી સરકારને વેચી શકશે પરંતુ ખેડૂતોના પાકને બજાર આપવામાં સરકારે વધારે ધ્યાન આપવાની જરૂર છે. મિડલમેનને દૂર કરી સીધા એન્ડ યુઝર્સ સુધી ખેડૂતો પહોંચે તે ઇચ્છનિય છે. એની સાથે ખેડૂતોને વૈશ્વિક બજારનો પણ લાભ આપવો જોઈએ કે જેથી ઉદ્યમશીલ ખેડૂતો તેમની પ્રોડક્ટ્સ વિદેશના બજારમાં વેચી શકે. અત્યારે ઓનલાઈન શોપિંગનો જમાનો છે તેથી કૃષિ અધિકારીઓએ રાજ્યના ખેડૂતોને જિલ્લા અને તાલુકા લેવલે એપ્લિકેશનનું નોલેજ આપે તો ખેડૂતો મિડલમેન સિવાય તેમની પેદાશો એમેઝોન અને ફ્લિપકાર્ટ જેવી એપની મદદથી વિશ્વના બજારમાં પહોંચાડી શકે. વધુ ઉત્પાદન ખેડૂતોને દેવાળિયા બનાવી દે છે અને ખેડૂત આપઘાત કરવા પ્રેરાય છે, આ સ્થિતિ બંધ ત્યારે થશે જ્યારે ખેડૂતની બધી ઉપજ બજારમાં વેચાઈ જાય...

**રાજકીય નેતા બનવું છે તો ડીગ્રીની જરૂર નથી, જો ડીગ્રી હોય તો પ્રવેશ નિશેષ**




- ગૌતમ પુરોહિત

**અમિતભાઇ આવે છે ત્યારે ચમત્કાર થાય છે...**

ગુજરાતમાં જ્યારે જ્યારે અમિત શાહ આવે છે ત્યારે ત્યારે સંગઠન કે સરકારમાં ચેન્જીસ થાય છે. આ વખતે તેઓ બે દિવસ રોકાવાના છે ત્યારે કોઈ ચમત્કાર થાય તેવી આશા કાર્યકરોમાં જોવા મળી છે. આ ચમત્કાર સંગઠનમાં ફેરફાર હોઈ શકે છે. આ ચમત્કાર રૂપાણી કેબિનેટના વિસ્તરણનો પણ હોઈ શકે છે. આ મુલાકાતનો હેતુ બોર્ડ-કોર્પોરેશનમાં રાજકીય નિમણૂકો અંગેનો પણ ગણી શકાય છે. ગુજરાતમાં ૧૯૯૫માં કેશુભાઈ પટેલ મુખ્યમંત્રી હતા ત્યારે કાશીરામ રાણા પ્રદેશ પ્રમુખ પદે હતા. કેશુભાઈના શાસનમાં બોર્ડ-કોર્પોરેશનમાં રાજકીય નિયુક્તિ કરવાનું દબાણ પ્રદેશ પ્રમુખે કર્યું હતું. એક સમયે આર.સી.ફળદુએ બોર્ડ-કોર્પોરેશન માટે પાર્ટીના આગેવાનોને મૂકવાની રિકવેસ્ટ કરી હતી. આ પછી પ્રદેશ પ્રમુખે ક્યારેય સરકારમાં આવું કોઈ દબાણ કર્યું હોવાનું સાંભળવામાં આવ્યું નથી. પ્રદેશ પ્રમુખની ફરજ છે કે સરકારમાં ખાલી જગ્યાઓ પર જ્યાં રાજકીય નિયુક્તિ થતી હોય ત્યાં પાર્ટીના નેતાઓની ભલામણ કરે. આવા કોઈ ચમત્કારની પાર્ટીને આશા છે...

**અમિતભાઇ આવે છે, જાદુઇ પોટલી લાવે છે; કાર્યકરોને ચમત્કારની અપેક્ષા છે**

**રાજનીતિમાં ડીગ્રી નહીં કોઠાસૂઝ જોઇએ...**

કહેવાય છે કે ઓછું ભણેલા હોવ તો તમારે માટે રાજકારણના દરવાજા ખુલ્લા છે. કોઈપણ પાર્ટીમાં એક્ટિવ થઈ જાવ અને દસ વર્ષ દિલ દઈને કામ કરો, તમારો સૂર્ય મધ્યાહ્ને તપતો હશે. રાજનીતિમાં ડીગ્રીને જો મહત્વ હોત તો જયનારાયણ વ્યાસ આજે ગુજરાતના મુખ્યમંત્રી હોત અને સૌરભ પટેલ ડેપ્યુટી ચીફ મિનિસ્ટર પદ શોભાવતા હોય... કોંગ્રેસમાં પણ પી.ચિદમ્બરમ, સામ પિત્રોડા કે જયરામ રમેશ ક્યારેય વડાપ્રધાન પદના દાવેદાર ન થઈ શકે, હા કોણ થઈ શકે કે જેઓની કોઠાસૂઝ ઉત્તમ છે. ભાજપમાં પણ ઈન્ટલેક્યુઅલની મોટી ફોજ છે. આ લોકો ટોક-શો કે પેનલ ડિસ્કશનમાં કામ લાગે છે સક્રિય રાજકારણમાં તેમનું કામ નથી. હા, બુદ્ધિજીવીઓને સરકાર કે સંગઠનમાં સલાહકાર બનાવી દેવામાં આવે તો સરકાર કે પાર્ટીને ચાર ચાંદ લાગી શકે છે. ગુજરાત કોંગ્રેસમાં હાઈકમાન્ડે યુવા નેતાઓના હાથમાં કમાન સોંપી છે, તેઓ ભણેલા છે પરંતુ કોઠાસૂઝ નથી, પરિણામે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં પાર્ટીએ મેળવેલું ગુમાવવું પડ્યું છે. સિદ્ધાર્થ પટેલ, અર્જુન મોઢવાડિયા અને શક્તિસિંહ ગોહિલ અભ્યાસુ છે તેમને દૂર કરવાની જગ્યાએ રાહુલ ગાંધીએ તેમના અનુભવ અને કોઠાસૂઝનો પાર્ટી સંગઠનમાં વધુમાં વધુ ઉપયોગ કરવો જોઈએ. માધવસિંહ સોલંકી પાસેથી પણ ગાઈડન્સ મળી શકે છે...

**સ્માર્ટ સિટી, સ્વચ્છ સિટી, ડેવલપ સિટીની જેમ ટ્રાફિક સેન્સ સિટી એવોર્ડ રાખો**



**નિતીનભાઇ પાસે કાર્યબોજ છે, સાથીદાર આપો...**

ગુજરાતના નાયબ મુખ્યમંત્રી એક સપ્તાહ સુધી ચીફ મિનિસ્ટરના રોલમાં છે. આમ પણ તેઓ નાયબ મુખ્યમંત્રી અને નાણામંત્રી હોવાથી તેમના માથે કાર્યબોજ વધારે છે તેથી સરકારે બે પ્રવક્તા રાખવાની જરૂર છે. નરેન્દ્ર મોદી હતા ત્યારે સરકારમાં બે પ્રવક્તા હતા. સરકારના પ્રવક્તા મંત્રી તરીકે તત્કાલિન આરોગ્યમંત્રી જયનારાયણ વ્યાસ અને ઉર્જામંત્રી સૌરભ પટેલ એમ બે પોસ્ટ હતી. નવી સરકારમાં રૂપાણીએ એકમાત્ર નિતીન પટેલને પ્રવક્તા બનાવ્યા છે. નિતીનભાઈ નાણા ઉપરાંત આરોગ્ય અને માર્ગ-મકાન વિભાગનો વધારાનો હવાલો પણ સંભાળે છે. તેમની ચેમ્બરમાં મુલાકાતીઓનો ધસારો જોતાં સરકારમાં બીજા પ્રવક્તા મંત્રીની આવશક્યતા ઉભી થઈ છે. રૂપાણી સરકારમાં પ્રદીપસિંહ જાડેજા અને ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા પ્રવક્તાનો રોલ નિભાવી શકે છે. આ ઉપરાંત કૌશિક પટેલ મિડીયા ફ્રેન્ડલી છે. તેમને પણ પ્રવક્તા બનાવી શકાય છે. હાલ મોદી સરકારમાં ત્રણથી ચાર મંત્રીઓ પ્રવક્તાના રોલમાં આવે છે. ગુજરાત સરકાર પણ બે પ્રવક્તા તો રાખી શકે છે.